# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# TRP GAME ZONE: DNA MATCHING

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાના ૨૭ હતભાગીઓનાં ડી.એન.એ. મેચીંગના આધારે ઓળખ કરવામાં આવી છે. રાજ્યના રાહત કમિશનરે જણાવ્યું હતું કે, ટી.આર.પી. ગેમ ઝોનમાં બનેલી દુઃખદ ઘટના સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર તથા રાજકોટ પોલીસે તબક્કાવાર રીતે પગલાં લઇને મૃતકોના ડીએનએ મેચિંગની કાર્યવાહી પૂર્ણ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, હાલ કોઈ પણ વાલી વારસ તરફથી તેમના પરીવારજનો ગુમ હોવાની ફરીયાદ પેન્ડીંગ નથી અને ૨૭ મૃતદેહો તેમના પરીવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. આમ છતાં હજુ પણ કોઈ વ્યક્તિની ઓળખ આગ દુર્ઘટના પછી મળતી ના હોય અને તેમના પરિવારજનોને શંકા હોય તો રાજકોટ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમ નંબર ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

..........

## Fire Tragedy: Actions

રાજકોટમાં બનેલી આગની ઘટનાને લઈને અન્ય જિલ્લાઓનું વહીવટી તંત્ર સતર્ક બન્યું છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોડાસા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી હોસ્પિટલ્સ, ટ્યુશન ક્લાસીસ, કોચિંગ ક્લાસીસ, હોટેલ્સ, મોલ્સ અને વિવિધ એકમો પર મોડાસા તાલુકા મામલતદાર સહિત નગરપાલિકા ચીફ ઓફિસર ફાયર વિભાગ, પોલીસની ટીમ સાથે રાખીને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું

આ તમામ એકમોમાં ફાયર સુવિધા છે કે નહીં તે અંગે જરૂરી માહિતી એકત્રિત કરીને આગળની કામગીરી હાથ ધરી હતી.

દરમિયાન, છોટા ઉદેપુરમાં આવેલી તમામ હોસ્પિટલો, મોલ, કોમ્પ્લેક્ષમાં પણ ફાયર સેફ્ટી બાબતે ચેકીંગ દરમિયાન, અનેક બેદરકારી ધ્યાનમાં આવી હતી. રિજનલ ફાયર ઓફિસર દ્વારા બે દિવસમાં 6 જેટલી સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી, જેમાં સિવિલ હોસ્પિટલ, માતૃત્વ હોસ્પિટલ અને કેસર હોસ્પિટલ, સિલ્વર પ્લાઝા કોમ્પ્લેક્સ અને સિલ્વર રેસિડેન્સીનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ પાસેથી લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે.

.................

## GST Input Tax Credit..

સીઆઇડી ક્રાઇમ દ્વારા જીએસટીના ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા ખોટા વ્યવહાર દર્શાવનાર બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બે આરોપીની તપાસમાં રૂપિયા ૧ હજાર કરોડના ખોટા વ્યવહારો દર્શાવ્યા હોવાનું સામે આવ્યું છે. સીઆઈડી ક્રાઈમે બંને આરોપીઓનાં ૩૧ મે સુધીના રીમાન્ડ મેળવી વધુ તપાસ શરૂ કરી છે. આરોપીઓ પાસેથી રૂપિયા ૮૦ હજારની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પેઢીઓના નામે જીએસટી નંબર મેળવી સોનુ ચાંદી સોફ્ટવેર ખરીદવા ના ખોટા વ્યવહારો દર્શાવવામાં આવ્યા હતા. તેઓ ક્યારેય ચૂંટણી ન

લડ્યા હોય તેવા રાજકીય પક્ષોમાં ડોનેશન કરાવીને અમુક ટકા કમિશન બાદ નાણાં પરત મેળવી લેતા હતા.

આ અંગે આઇજી (સીઆઇડી ક્રાઇમ) ચૈતન્ય માંડલિકે જણાવ્યું હતું કે,

(બાઇટ- ચૈતન્ય માંડલિક, આઇજી, CID ક્રાઇમ)

..................................

## ELECTRONIC KACHARANO NIKAL

મહેસાણામાં ગુજરાત પ્રદુષણ બોર્ડની કચેરી દ્વારા રોટરી ક્લબ ખાતે ઇ વેસ્ટ ઇલેકટ્રોનિક્સ અંગે જાગૃતિ સેમીનાર તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ઇલેક્ટ્રોનિક કચરા ના નિકાલ માટે પ્રદુષણ ના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન અપાયું હતું. ચિત્ર સ્પર્ધામાં 65 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા.

-----------------

## RECHECKING

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ રૂબરૂ અવલોકન માટે કરેલી અરજીઓની અવલોકન પ્રક્રિયા 6 ઠ્ઠી જૂનથી  8મી જૂન દરમિયાન રાખવામાં આવી છે.  ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા પ્રમાણે ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે  અરજી કરનાર ઉમેદવારે સમય, સ્થળ અને તારીખ જેવી વિગતો દર્શાવતો કોલ લેટર વેબસાઇટ **sci.gseb.org** અને  **gseb.org** પર પોતાનો બેઠક નંબર પોતાના  મોબાઇલ નંબર પર આજથી મેળવી શકશે.

આ માટે કોલલેટર , હોલટિકિટ  પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે ફી ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું થશે.

----------------